## પ્રૌઢશિક્ષણ માટેનું પ્રમાણીત સાહિત્ય

### સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન


૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભુ હતું
૪ હજામડી
૫ કમાટ
૬ બાળ૦ બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો ને રાક્ષસ
૧૭ રૂપસિંહ-રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિત્રપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ
૩૭ જુગતરામના પાઠો
૩૮ ભેં ભેં ભેં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો-૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજી૦ પડી ગયા
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને-
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાળ્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળ૦ બીરબલ-૨
૫૪ છેટા રહેજો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓત૦ દીવાલો-૧
૬૨ ઓત૦ દીવાલો-૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત-મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬- હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ-ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન


### બાળસાહિત્ય ગુચ્છ


૧ જોયું ને આંખ ઠરી
૨ ઠેકંઠેકા
૩ દાદાજીની તલવાર
૪ વસંત આવી
૫ તકતક તરરર
૬ વિલાયતી વાતો
૭ ગામડામાં ગયો હતો
૮ ટેક
૯ આંબો રોપ્યો
૧૦ સટરપટર વાતો
૧૧ ભેંશના શિંગડામાં
૧૨ લાલ અને હીરા
૧૩ જીવજંતુ
૧૪ હેમુભાઈના પાઠો
૧૫ કાવ્યો
૧૬ પક્ષીઓ
૧૭ વૃક્ષો
૧૮ વિજ્ઞાન


# બાળ સાહિત્યગુચ્છ

સંપાદકો

ગિજુભાઈ

તારાબહેન

# આંબો રોપ્યો

**શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય**
સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

## બાળસાહિત્ય ગુચ્છ

# આંબો રોપ્યો

: લેખક :
ગિજુભાઈ

પ્રૌઢશિક્ષણ નિયામકશ્રીના પત્ર નં. પઢશ/૮૯-ગ-૧/૧૦૪૫-૧૧૫૦ તા. ૨૪-૪-૧૯૮૯ના પત્રથી જનશિક્ષણ કેન્દ્રો તથા અનૌપચારિક શિક્ષણ માટે ખરીદવા ભલામણ થયેલ છે.

**આર. આર. શેઠની કંપની**
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨ * ગાંધી રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ ● અમદાવાદ ૩૮૦ ૦૦૧

©
પ્રકાશકનાં

પુનઃસંપાદિત : પુનર્મુદ્રણ
નવેમ્બર ૧૯૮૯ : પ્રત ૨૧૦૦

રૂા. ૩–૦૦

મુદ્રક
ભગતભાઈ બી. શેઠ, શ્રી પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી સ્ટેશન રોડ, સોનગઢ ૩૬૪૨૫૦

# આંબો રોપ્યો

બાલમંદિરમાં ગઈ કાલે આંબાનું ઝાડ રોપ્યું. વર્ષે વર્ષે આપણે આંબાનાં ઝાડો રોપીએ.

આજે આંબો રોપ્યો. આવતે વર્ષે બકુલ રોપીએ, પછીને વર્ષે વડ રોપીએ, પછીને વર્ષે આસોપાલવ રોપીએ.

વર્ષો જશે ને આંબે મોર આવશે. બાલમંદિર મઘમઘી ઊઠશે. કોયલ ટહુકા દેશે. નાનાં બાળકો આંબાનો મોર સૂંઘશે ને કાને ખોસશે. પછી આંબે મરવા બેસશે : લીલી લીલી, નાની નાની ખાટી કેરીઓ. પછી એ હીંચશે ને તેને જોઈ બાળકોની આંખો નાચશે.

અધ્યાપક એકાદબે કે પાંચદસ મરવા ઉતારશે ને બાળકોને ચખાડશે. પછી મરવા મોટા થઈને પાકશે. આંબે કેરીઓ લટકશે, ઝૂમશે. પછી અધ્યાપક કેરીઓ ઉતારશે, ને બાલમંદિરના ભંડકમાં આર નાખશે. પછી રોજ પાકી પાકી કેરીઓ કાઢશે ને બાળકોને ચખાડશે. કહેશે:—

'આ આપણા આંબાની કેરી. આ આંબો ગિજુભાઈએ વાવેલો; આ આંબો તારાબહેને વાવેલો; આ આંબો મોંઘીબહેને વાવેલો; આ આંબો વસંતભાઈએ

અને દાસભાઈએ વાવેલો; આ આંબો ઉમિયાશંકર અને દેવરામભાઈએ વાવેલો; આ આંબો મેરીબહેન અને મણિબહેને સીંચેલો: આ આંબો કુમુદબહેને સીંચેલો; આ આંબે અનસૂયાબહેને ને ઈશ્વરલાલભાઈએ ખાતર નાખેલાં, આ આંબા ફરતાં બાબી અને બબુ રમેલાં.'

વર્ષે વર્ષે આંબો આવશે.

એમ જ થશે બકુલનું, એમ જ થશે વડનું; એમ જ થશે આસોપાલવનું.

બકુલ વાવશે ને વર્ષો જતાં એનું મોટું ઝાડ થશે. ઝાડે છોકરાં રમશે, ને બકુલનાં ફૂલો વીણશે.

વડ વાવશે ને મોટો વડલો થશે. વડલાને વડવાઈઓ થશે ને છોકરાંઓ ત્યાં ઝૂલશે.

એમ જ આસોપાલવ થશે. સુંદર રૂપાળું ઝાડ થશે. લીલાં રૂપાળાં પાંદડાં થશે. વારતહેવારે પાંદડાંનાં તોરણ થશે; આડેદહાડે ફૂલદાનીઓ ભરાશે.

બાલમંદિર ફરતાં કેટલાં યે ઝાડો થશે. એક એક ઝાડ એક એક કથા કહેશે; એક એક ઝાડ એક એક દર્શન કરાવશે.

આજે આપણે આંબો રોપ્યો. કાલે આપણે બકુલ રોપીએ. ઈશ્વર કરે ને આપણે કેટલા યે ઝાડો રોપીએ.

# આંબો રાખ્યો

વસંત આવી ને આંબે મોર ચડ્યા. ડાળે ડાળે કોયલો બેઠી અને ટહુકા આદર્યા.

રઘા કોળીએ નાળિયેરીઓ આંબો રાખ્યો. આંબો રાખ્યો એટલે આંબાના શેઠ પાસેથી પૈસા આપી આ વર્ષની કેરીઓ માટે આંબો પોતાનો કર્યો. નાળિયેરીઓ આંબો એટલે જેની કેરી નાળિયેર જેવડી થાય એવો આંબો.

આંબો ઊંચો હતો, એટલે રઘાને વાડ કરવાની નહોતી. ઉનાળો હતો; આંબાની છાયા હતી. રઘાએ વાળીચોળીને સાફ કર્યું, ને ખાટલો ઊભો કરી આંબા નીચે ઘર કર્યું. આ તરફથી તડકો આવે ત્યારે ખાટલો આ તરફ રાખે, અને તડકો બીજી તરફ જાય ત્યારે ખાટલો બીજી તરફ ફેરવે. આંબાની ને ખાટલાની છાયા નીચે રઘી શાક સમારે, રોટલા કરે, છોકરું ધવરાવે, ઘર આખું સાચવે.

બાજુમાં જ રઘે ઘરની ઘંટી લાવીને મૂકી. વહેલી સવારે રઘી ઊઠીને ઘંટી ઘરાવે. પંખીઓ કિલકિલ કરે

ને નાનો ભીખલો આંબાની ડાળે બાંધેલ ઘોડિયામાં મીઠી ઊંઘ લે.

દી' બધો રઘો ને રઘી એક આંબાની ને બીજી ભીખલાની સારવાર કર્યા કરે. રઘો હાકલો કર્યા કરે ને પંખી આંબે બેસવા ન દે. રઘી હરતીફરતી ખોદી હીંચોળતી જાય ને ભીખલાને હાકિલો કરતી જાય.

મોર ખર્યા ને મરવા બેઠા. મોર હતો ત્યાં મરવા થયા ને આંબે વળી નવું રૂપ કાઢયું.

રઘી રઘાને કહે : 'આણુ કાંઈ મરવા બેઠાં છે! કેરીઓ પાર વિનાની થશે. પાંચ પૈસા બચવાના. આ ભીખલાની વહુને ચૂંદડી ઓઢાડવા થશે. સામે વરસ તો એને પરણાવવો છે ને ?'

ભીખલો બે વરસનો હતો.

મોરે ખેતર સોડમભર્યું હતું. મરવે નવી સોડમ આણી. મરવા મોટા થયા ને નાની નાની કાચી કેરીઓ થઈ. રોજ પંખીડાં બેપાંચ ખેરવે અને રઘોરઘી રોટલા સાથે મીઠે બોળીને ખાય.

તડકા પડ્યા ને સાખ બેઠી. આંબો મોરે કંઈક લચ્યો હતો, મરવે કાંઈક વધારે લચ્યો ને સાખો થઈ ત્યાં તો આંબો ભોંયે અડ્યો ! જેટલી સાખો એટલાં પાંદડાં, ને પાંદડાં એટલી સાખો.



ઉખરડે* ખાટલે સૂતાં સૂતાં રઘી-રઘો વાતો કરે છે : 'કાંઈ સાખો આવી છે! આણુ ખાટ્યાં. પોર પાંચ બોયા'તા તો આણુ પચીશ રળશું. છે ને ભગવાનની માયા ! કેવાં રૂપાળાં ફળ કર્યાં છે!'

તડકા વધારે પડ્યા ને સાખોએ પીળી ચૂંદડી ઓઢી. લીલા પાનમાં પીળાશ પડતી કેરીઓ દેખાવા લાગી. રઘો રોજ આંબે ચડે ને બેપાંચ કેરી ઉતારે: આંબા ઉપર પાકેલી. રઘી ને ભીખો કપતળાં પાડીને ખાય.

થોડા દિવસ થયા ને રઘાએ વખાર નાખી. કાચીપાકી કેરીઓને વેડી લીધી ને સૂંડલે સૂંડલે કેરીઓ વખારમાં નાખી. વખાર એટલે ઘાસથી ભરેલી જગ્યા. કેરી આંબા ઉપર પાકે તો બહુ મીઠી થાય; પણ પાકતાં પાકતાં વાર લાગે. વખારમાં નાખે તો કેરીઓ ઝટ પાકે.

ત્રીજે દિવસ ગયો ને રઘાએ કેરીઓ ફેરવીફેરવી. એક કેરી ઘોળીને ચૂસી જોઈ. 'કેરી પાક ઉપર તો છે. કાલે વેચવા જેવી–ખાવા જેવી થાશે. આણુ તો ભારે મીઠો લાગે છે.' રઘાએ ને રઘીએ ઊભાં ઊભાં બેચાર કેરીઓ ચૂસી.

બીજે દિવસ થયો ને એકો ભરી રઘો પીઠમાં કેરી વેચવા ગયો. અહીંથી ને તહીંથી કેટલી યે કેરીઓ આવેલી. રઘાએ એકો પીઠ વચ્ચે લીધો. ત્યાં વાણિયા

* ઉખરડો=ખાટલો જેના ઉપર કશું પાથર્યું ન હોય તેવો ખાટલો.

આવ્યા, કાછિયા આવ્યા અને ભાવ કરવા લાગ્યા.

રઘો કહે : 'આ છૂટક વેચતાં બાર વાગે. ચાલ ને હરાજી કરું !' અરધા કલાકમાં રઘાએ કેરીઓની હરાજી કરી નાખી, અને ખીસામાં રૂપિયા લઈ પાછો વળ્યો.

રઘો રોજ એકો ભરી કેરી લાવે છે. અને રોટલાવેળા પહેલાં કેરીઓ વેચી પાછો જાય છે.

## લીમડી

લીંબોળીનો ઠળિયો ધૂળમાં પડ્યો ને ઉપર વરસાદ આવ્યો.

નાની સરખી લીમડી ઊગી. કૂણાં એવાં પાન ને કૂણી એવી ડાળ. પાણી પીધું, તડકો ખાધો ને લીમડી વધવા માંડી.

દિવસો ગયા ને લીમડી એક વેંત વધી. મહિના ગયા ને બેચાર હાથ વધી. વરસો ગયાં ને પાંચદસ હાથ વધી.

લીમડીનું થડ જાડું થયું. થડે ઘણી ડાળો થઈ. ડાળે ડાળે તીરખીઓ આવી. તીરખીએ તીરખીએ કૂંપળ આવ્યાં. કૂંપળે કૂંપળે કોર આવ્યો. ફૂલે ફૂલે લીંબોળીઓ આવી. લીંબોળીએ લીમડી લચી પડી.

છોકરાંઓ આવ્યા ને લીંબોળીઓ ખાધી; કાગડા આવ્યા ને લીંબોળીઓ ખાધી; કાબર આવી ને લીંબોળીઓ ખાધી. ચારે કોર લીંબોળીઓના ઠળિયા ઠળિયા !

પાછો વરસાદ વરસ્યો ને લીમડીઓ ઊગી. કેટલી બધી લીમડીઓ ! કૂણાં કૂણાં પાન ને કૂણી એવી ડાળીઓ.

## મારો લીમડો

આંગણામાં જ લીમડો. ઘટાદાર લીમડો. ઘણો મોટો લીમડો. વૃદ્ધ લીમડો. જાણે કોઈ ઓલિયો.

નાની હતી, બહુ જ નાની હતી. સવાર પડે ને લીમડા સામે જોઉં. કાગડા કા કા કરતા હોય; ચકલાં ઊડી ઊડી જતાં હોય; લલેડાં લે લે કરતાં લીમડેથી ઊતરે. ખિસકોલાં ઉપરથી નીચે ને નીચેથી ઉપર દોડાદોડ કરે.

સૂરજ ઊગે ને લીમડો ચળકી ઊઠે. પછી તો બસ, આખો દિ' સૂરજનો પ્રકાશ પીએ ને લીમડો પ્રસન્ન રહે.

રોજ સવારે લીમડાનું દર્શન કરું. એનો એ લીમડો ને એની એ જ હું. એનાં એ પંખીઓ ને એનો એ જ સૂરજ. પણ તો યે રોજ સવાર નવી; ને રોજ સવારે હું યે નવી. રોજ સવારે લીમડો યે નવો ને બીજું બધું ય નવું !

રોજ સવારે ઊઠું ને લીમડા સામે બેસું. ને ?....ને જોયા કરું.

પાનખર આવે અને લીમડો તદ્દન બૂઠો થઈ જાય.

વસંત આવે ને લીમડો તાજો થઈ જાય. કોર આવે ને લીમડો ફાલી રહે. લીમડે લીંબોળીઓ લચી પડે.

લીંબોળીઓ પાકે એટલે તો સૂડા ને પોપટ ને કાગડા ને ખિસકોલાંની જબરી ઉજાણી ચાલે.

સવાર–સાંજ ખિસકોલાં લીંબોળીઓ ચૂસતાં જ હોય. પોપટો નીચે લીંબોળીઓ નાખતા જ હોય.

રોજ સવારે ઊઠું ને લીમડા સામે બેસું. એ લીમડો ને એ હું.

મારો લીમડો કાંઈ સુંદર ! કાંઈ જબ્બર ! વૃદ્ધ ડોસો. કેટલાં યે વર્ષનો ઘરડો. કેટલા ય તડકાછાંયા જોયેલા. કેટલા યે ચોમાસાં વહી ગયેલાં.

ધીર ગંભીર લીમડો.
સુંદર મારો લીમડો.

# ઊમરો

ઊમરો ઘણાં વરસે થયો. એક વાર ઝરમર વરસાદ આવતો હતો ને રામભાઈ ને હેમુભાઈ ઊમરાનો રોપ લઈ આવ્યા. વરસતા વરસાદે ઊમરો રોપ્યો. રામભાઈ ને હેમુભાઈ તે દિવસે કંઈ રાજી થયા. ‘ ઊમરો રોપ્યો, ઊમરો રોપ્યો ! ’ એમ બોલતા જાય, કૂદતા જાય ને નહાતા જાય.

થોડા દિવસ થયા ને ઊમરો ચોંટી ગયો. નમી ગયેલાં પાન ટટ્ટાર થયાં, ઝાંખી ડાળીઓ ચળકવા લાગી. પાંચ-દસ નાનાં નાનાં નવાં પાન આવ્યાં. રામભાઈ ને હેમુભાઈએ દોડાદોડ કરી મૂકી.

સૌને ઊમરા પાસે લઈ જાય અને બતાવે: ‘ જુઓ, આ અમારો ઊમરો. ઊમરે નવાં પાન આવ્યાં છે. ’

ઊમરો રોજ રોજ વધતો જાય અને નવાં પાન કાઢતો જાય. શ્રાવણનાં સરવડાં નહાતો જાય ને લીલો લીલો થતો જાય.

ચોમાસું ગયું ત્યાં તો ઊમરો હાથ બે હાથ વધી ગયો.



પછી તો શિયાળો આવ્યો. રામભાઈ–હેમુભાઈ વખતે વખતે પાણી પાય, ક્યારો કરે, ખાતર નાખે ને નીચલાં પાન ને નીચલી ડાળીઓ કાઢી નાખે. ઊમરો ઉપરથી નવાં પાન કાઢતો જાય ને નીચેનું થડ જાડું થતું જાય. શિયાળો ગયો ત્યાં તો ઊમરાનું થડ વધ્યું, જાડું થયું. ઊમરો નાનું એવું ઝાડ થયું.

પછી એમ થયું કે એનાં પાંદડાં ખરવા લાગ્યાં. એક પાન ખર્યું, બે ખર્યાં ને કેટલાં યે ખર્યાં. લીલોછમ ઊમરો સૂકો લાગવા માંડ્યો. ચળકતો ઊમરો ઝાંખો પડ્યો. ભરેલો ઊમરો ઠૂંઠો દેખાયો.

રામભાઈ : ‘ એ તો પાનખર આવી છે તે પાંદડાં ખરે.’

હેમુભાઈ : ‘ તો તો કાંઈ ફિકર નહિ. ’

રામભાઈ–હેમુભાઈ ખરતાં પાંદડાં વાળી લે. કયાં પાંદડાં ખરી જશે તે જોયા કરે, પણ પાણી તો રોજ પાય.

એક વાર ડાળે ડાળે ઝીણાં ઝીણાં પાંદડાં બેસી ગયેલાં. આમ આઘેથી જોઈએ તો દેખાય નહિ એવાં. જરાક દૂરથી જોઈએ તો જાણે માખીઓ કે મચ્છર બેઠાં.

પણ બેચાર દિવસ ગયા, છઆઠ દિવસ ગયા ને કૂંપળ મોટી થઈ, તગતગવા લાગી, ને ઊમરો આખો તડકામાં ચળકી રહ્યો. પખવાડિયું-મહિનો ગયો ત્યાં તો ઊમરો હતો તેવો થઈ ગયો. ના, હતો તેથી વધારે થયો. હતો તેથી જાડો થયો, હતો તેથી ભરાવદાર થયો, હતો તેથી

રૂડો થયો. વસંતે એને નવો નવો કરી મૂક્યો.

પછી ઉનાળો આવ્યો. તડકા તપ્યા. રામભાઈ ને હેમુભાઈએ ખાતરપાન દીધા કર્યાં. એક ડાળખી ન સુકાઈ: એક પાંદડું યે ન લંઘાયું. ઊલટો રાત ને દિવસ એ કોળતો જ ગયો.

ઉનાળા પછી ચોમાસું આવ્યું. ચોમાસા પછી શિયાળો ને પાનખર, વસંત ને ઉનાળો. એમ ને એમ આવ્યા જ કર્યું. ચોમાસે ચોમાસે ઊમરે પાણી પીધું: શિયાળે શિયાળે પોઢો થયો; પાનખરે પાનખરે ઘડપણને કાઢી મૂક્યું, ને વસંતે વસંતે નવજુવાન થયો; ઉનાળે તપી તપીને તેજસ્વી થયો.

કેટલાં ય વર્ષો વહી ગયાં. આંગણામાં જ ઊમરો મોટું ઝાડ થયું છે. રામભાઈ ને હેમુભાઈ એના ઉપર ચડે છે ને ડાળીઓ ઝુલાવે છે. નાનાં છોકરાંને ઊમરાં પાડી આપે છે, ને પોતે પાકાં પાકાં ઊમરાં ખાય છે.

રાત પડે છે ત્યારે કેટલાંય ય પક્ષીઓ ઊમરે આવે છે ને રાત રહે છે. દિવસ પડ્યે કેટલાં ય પક્ષીઓ આવે છે ને ઊમરાને ખાધા કરે છે. ઊમરો પક્ષીઓનો ચબૂતરો થયો છે. પોપટનો તો પાર નથી, સૂડા ને કોયલ પણ આવે છે. જેને ઊમરાં ભાવે એ બધાં ત્યાં આવે છે.

એક વાર ઊમરો વેંત જેવડો હતો. વેંતમાંથી હાથ, ને હાથમાંથી ગજ, ને ગજમાંથી માથોડું ને માથોડામાંથી



વાંસ જેવડો ઊમરો થયો.

ઊમરો ઊંચો થયો ને રામભાઈ-હેમુભાઈ નીચા રહ્યા. નીચે ઊભાં ઊભાં પાંદડાંને અડી યે ન શકાય. એકવાર ઊમરો રામભાઈ–હેમુભાઈથી નીચો હતો; હમણાં રામભાઈ ને હેમુભાઈ ઊમરાથી નીચા છે.

રામભાઈ–હેમુભાઈએ ઊમરાને પાણી પાયું, ખાતર નાખ્યું. ઊમરો સૌને છાંયો આપે છે, ઊમરાં આપે છે.

અમારા આંગણામાં ઊમરો છે. રામભાઈ અને હેમુભાઈએ એક દિવસ ઊમરો આણેલો ને રોપેલો.

## બાવળ

પગમાં બાવળનો કાંટો લાગ્યો હશે તેણે તો બાવળનું ઝાડ જોયું હશે.

બાવળ કાઠિયાવાડ અને ગુજરાતમાં ઠેકઠેકાણે થાય છે.

કુદરતે ઘણાં ઝાડો ઉગાડ્યાં છે. તેમ બાવળને પણ ઉગાડ્યા છે.

બાવળની લાંબી સૂળો પગમાં ભોંકાઈ જાય તેટલા માટે નહિ પણ તેનું લાકડું બહુ કામનું છે માટે બાવળ ઉપયોગી છે.

બાવળનું લાકડું કઠણ છે. તે જલદી સડતું નથી. ખેડૂતો તેના લાકડાનાં પૈડાં કરે છે. એનાં પૈડાં બહુ લાંબો વખત ટકે છે.

બળતણ તરીકે બાવળનાં લાકડાં બહુ વપરાય છે. લાકડું કઠણ હોવાથી લાંબો વખત બળે છે. ને તેની આંચ સખત લાગે છે.

બીજાં બળતણ બળીને રાખ થઈ જાય છે; બાવળના લાકડાના કોલસા પડે છે. એ કોલસા ફરી વાર સગડીમાં બાળી શકાય છે.



જંગલમાં મોટા પાયા ઉપર કોલસા બનાવવામાં આવે છે, તે મોટે ભાગે બાવળના લાકડાના હોય છે. જંગલમાં મોટાં મોટાં ઝાડો સળગાવી મૂકે છે. લગભગ સળગી રહેવા આવે છે ત્યારે તેના પર ધૂળ વગેરે વાળી દેવામાં આવે છે, અગર તો દાટી દેવામાં આવે છે. આ કોલસા શહેરમાં વેચાતા મળે છે તે.

બાવળની સૂળો ધોળી અને લાંબી છે. બે સૂળો એક છેડે જોડાયેલી રહે છે. નાનાં બાળકો તેનું એક ઉખાણું નાખે છે:—

'બે ભાઈ વચ્ચે એક મુખ.'

બાવળનો કાંટો એકાએક પેસી જાય તો તે ઊંડે જાય છે. બાવળના કાંટાને કેટલાક લોકો ટાંકણીઓ પેઠે ગામડામાં વાપરે છે. કોઈ વાર છોકરાઓ મોટર કે સાઇકલમાં પંચર પાડવા બાવળના કાંટાને રસ્તામાં વેરે છે. બાવળની સૂળોને ગામડામાં ભીંતે કાંઈ ચોડવું હોય તો ખીલી પેઠે વાપરે છે.

બાવળને લાંબી લાંબી શીંગો થાય છે, તેને પરડા કહે છે. પરડાનો સ્વાદ તૂરો લાગે છે. કાઠિયાવાડનાં ગામડાંમાં લોકો તેનું અથાણું કરે છે. એ અથાણું સારું લાગે છે.

બાવળનો ગુંદર વધારે મોંઘો અને વધારે ઉપયોગી છે. બાવળનો ગુંદર દવામાં કામ આવે છે. શિયાળામાં

લોકો તેનો પાક કરીને ખાય છે, તેને ગુંદરપાક કહે છે.

પણ પેલો માસ્તર નિશાળિયાઓને 'ગુંદરપાક' આપે છે તે જુદો. તે ગુંદરપાક એટલે તો ઠોંસા અને થપાટ !

બાવળના થડ કે ડાળી ઉપર કુહાડાથી કાપા પાડવામાં આવે છે, તેમાંથી રસ નીકળે છે અને જામી જાય છે. તેનું નામ ગુંદર.

બાવળ ઉપયોગી છે, છતાં લોકો તેની નિંદા કરે છે. ગધેડાને કઠોર, કળથીને કધાન અને બાવળને કઝાડ કહે છે.

શા માટે એને કઝાડ કહેતા હશે ? કેમકે એને છાંયે બેસી શકાતું નથી; એની નીચે એટલા બધા કાંટા. એને શીળે અનાજ પાકે નહિ ને ખેતી બગડે.

બાવળને ઝાડે સુગરી પોતાના માળા ખાસ કરીને બાંધે છે. સુગરીને એમ તો અક્કલ બહુ છે. એનું નામ સુગૃહી, સારા ઘરવાળી. એનો માળો સાચે જ સુંદર હોય છે. પણ શા માટે એ કાંટાવાળા બાવળે જઈને બાંધતી હશે ? પણ એમ તો બુલબુલને પણ બાવળ ગમે છે. એમ તો બહુ યે હશે. આપણે પક્ષીઓનું ક્યાં જાણીએ છીએ ?

અને આટલું બધું લખ્યું પણ એક વાત તો રહી જ ગઈ. બાવળના રોજ રોજ દાતણ કરીએ છીએ એ તો યાદ રહ્યું જ નહિ ! બાવળનું દાતણ બહુ સારું



ગણાય છે. તે ચાવવાથી મોં, જીભ ને ગળું સુંવાળું રહે છે, ને તેનો કૂચો પોચો મજાનો થાય છે.

બાવળનું વાંકું વાઘરી નહિ બોલે. વાઘરીનો તો એના ઉપર રોટલો છે !

હું આ લખું છું. એ વખતે મારી પાસે બેઠેલા એક વૈદ કહે છે: 'અરે ! તમે બાવળની પાલી–પાંદડાં–વાત તો ભૂલી જ ગયા ! માણસનું મોઢું આવે ત્યારે બાવળની પાલી મૂકવાથી મોઢું મટી જાય.'

બાવળ વિષે ઘણું લખ્યું. હવે બસ.

## વાડો

વરસાદ આવવાનો હતો એટલે વાડો ખેડી નાખ્યો.

કોદાળીથી ખૂબખૂબ ખોદ્યું. કાંકરા, ઈંટડાં ને પથરા કાઢી નાખ્યા. ઢેફાં ભાંગી નાખ્યાં. હળવે હળવે વાડો આ....ને મજાનો કરી નાખ્યો.

વરસાદ વરસ્યો ને વાડોતર થયો. ધૂળે ધરાઈ ધરાઈને પાણી પીધું. ઊંડે સુધી પાણી પીધું. નાનાં નાનાં ઢેફાં ઓગળી ઓગળીને પાણી થઈ ગયાં.

વરસાદ રહ્યો ને બી વાવ્યાં : ભીંડાનાં, ગુવારનાં, ચીભડાનાં, કોળાનાં, કારેલીનાં ને તૂરિયાંનાં. આખો વાડો વાવી દીધો; ચાસે ચાસે બી નાખ્યાં ને બી ઉપર ધૂળ વાળી.

વરસાદ ગયો ને સૂરજ ઊગ્યો. તડકા પડ્યા ને ભો સુકાઈ. ભો સુકાઈ ને બિયાં ફણગ્યાં. ભીંડાનાં, કારેલીનાં, ચીભડાનાં, બધાં બીના કોંટા ફૂટ્યા. આખો વાડો કોંટા કોંટા થઈ રહ્યો !

બાપુ કહે : 'કોંટા ફૂટ્યા.' બા કહે : 'બિયાં ઊગ્યાં.'



ભાભી કહે : 'ચીભડાં થશે; ભીંડા થશે.' ભાઈ કહે : 'કોળાં થશે; કારેલાં થશે.'

તડકો પડતો ગયો. કોંટા મોટા થયા. બે પાંદડાંમાંથી ચાર અને ચારમાંથી આઠ પાંદડાં થયાં.

વરસાદ આવતો ગયો. આઠમાંથી સોળ પાન થયાં.

ભીંડાનો છોડ થયો, તૂરિયાંનો વેલો ચાલ્યો. ગુવારનો છોડ થયો, કારેલીનો વેલો નીકળ્યો.

બાપા કહે: 'ચાલો, કારેલીને માંડવે ચડાવીએ.'

ભાઈએ તૂરિયાંનો વેલો ચડાવ્યો. ગુવાર, ચીભડાં અને કોળાં તો ભોંય ઉપર જ રહ્યાં.

વચ્ચે વરસાદ આવે ને વચ્ચે તડકો પડે. ભીંડા ઊંચા વધે ને ચીભડાં લાંબાં વધે. ગુવાર ઊંચા થાય ને કારેલી લાંબી થાય.

સવાર થાય ને બાપા વાડો જોવા જાય; બા વાડો જોવા આવે; ભાઈ વાડો જોવા આવે. કેવો સુંદર વાડો ! બધું લીલું જ લીલું; બધું ભર્યું ભર્યું ! બધું રોજ રોજ નવું નવું, તાજું તાજું !

ચોમાસું ચાલતું'તું ને ઊતરતું'તું, ને વરસાદ સરવડ્યો'તો. સાંજ રંગબેરંગી હતી. વાડો ખીલ્યો હતો.

ભીંડે ફૂલ હતાં. કારેલી ફૂલી હતી. તૂરિયું ઊઘડ્યું હતું. વાડો આખો ફૂલ ફૂલ ! પીળાં ફૂલ, ધોળાં ફૂલ; મોટાં ફૂલ, નાનાં ફૂલ.

કેટલાં બધાં ફૂદડાં ! કેટલાં બધાં પતંગિયાં ! ફૂલે ફૂલે પતંગિયાં, ઢગલેઢગલા પતંગિયાં !

વાડામાં નરી ધૂળ હતી; ઢેફાં ને ઈંટડાં હતાં. હવે વાડામાં લીલુંછમ છે. ટીડડાં ને પતંગિયાં છે; ફૂલડાં ને ખડમાંકડાં છે.

સવાર પડી ને મેં ચીભડું ભાળ્યું : નાનું સરખું. એક ચીભડું ભાળ્યું. બે ભાળ્યાં, ચાર ભાળ્યાં. વેલો ઊંચો કર્યો ત્યાં તો કેટલાં બધાં નાનાં નાનાં ચીભડાં !

બહેન કહે : 'આ ભીંડાના ફૂલ નીચે એની શીંગ બેઠી.'

ભાઈ કહે : 'જો પેલા કોળાનું ફૂલ સુકાયું ને નીચે ગોળ ગોળ છે.'

'અરે એ જ સાકરકોળું. આટલું સોપારી જેવડું !'

'ઓહો ! આટલું નાનું સાકરકોળું મોટું ઘડા જેવડું થશે ?'

વરસાદ કોઈક વાર આવે છે ને કોઈક વાર જાય છે. છોડવેલા મોટા થાય છે ન મોટા થઈ ને ફૂલે છે ને ફાલે છે.

બા કહે : 'આજે તો ભીંડો ઉતારો, ભીંડાની શીંગો બહુ થઈ છે તે.'

કાકી કહે : 'કાલે કોળું કરીએ તો ? મોટું બધું કોળું પટેલું છે.'



ભાઈ કહે : 'અરે, એ કોળું તો હજી પણ મોટું થશે. પાંચ દિવસ પછી વાત.'

ગુવાર તો જ્યારે જોઈએ ત્યારે ઊતરે છે, ને ચીભડાંનો તો પાર નથી. છોકરાંઓએ કેટલા યે ચીભડાં ખાઈ લીધાં.

આડોશીપાડોશીને પણ ગુવાર અને ભીંડો મોકલાવ્યાં.

જકલમાશી કહે : 'ઓહો, આ તો તમારો વાડો સારો થયો. કારેલાં કાંઈ મીઠાં થયાં છે !'

બા કહે : 'એ તો થાય જ ના. રમુના બાપાએ હાથે ખોદ્યો'તો ને હાથે વાવ્યો'તો. ઓણ અમારે એક પાઈનું યે શાક લાવવું પડ્યું નથી !'